ફિફા વર્લ્ડકપ 2026માં આજની મેચો

હરીફ ટીમો	તારીખ	સમય (ભારતીય)
પનામા vs ક્રોએશિયા	24 જૂન	વહેલી સવારે 4.30 વાગ્યે
કોલંબિયા vs કોંગો	24 જૂન	સવારે 7.30 વાગ્યે

મેસીનો વિક્રમી ગોલ, આર્જેન્ટિના નોકઆઉટમાં

પહેલી મેચમાં હેટ્રિક કરનારા મેસીએ ઓસ્ટ્રિયા સામેની 2-0ની જીતમાં બંને ગોલ કરીઆ વર્લ્ડકપમાં કુલ પાંચ ગોલ કર્યા

મેસીએ 38મી મિનિટે ગોલ કરીને વર્લ્ડકપમાં સર્વાધિક ગોલનો રેકોર્ડ બનાવ્યો, સ્ટોપેજ ટાઇમમાં વધુ એક ગોલ કર્યો

આર્લિંગ્ટન (ટેક્સાસ), તા. 23 : ફિફા વર્લ્ડકપમાં ગઇકાલે મોડી રાત્રે અહીં રમાયેલી એક મેચમાં લિયોનેલ મેસીએ વર્લ્ડકપમાં પોતાનો 17મો ગોલ કરીને સૌથી વધુ ગોલ કરવાનો નવો રેકોર્ડ બનાવ્યો અને તે પછી સ્ટોપેજ ટાઈમમાં વધુ એક ગોલ સાથે 18મો ગોલ કરતા ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાને ઓસ્ટ્રિયા સામે 2-0થી જીત અપાવી હતી.

મેસીનો વિક્રમી ઐતિહાસિક ગોલ મેચની 38મી મિનિટે આવ્યો હતો. ખાસ વાત એ છે કે આ ગોલ મેસીના 39મા જન્મદિવસના બે દિવસ પહેલા અને વતનમાં તેમના બીમાર પિતાની ચિંતા વચ્ચે આવ્યો હતો. મેસી સતત છઠ્ઠી વર્લ્ડકપ મેચમાં ગોલ કરીને ફ્રાન્સના સ્ટ્રાઈકર જસ્ટ ફોન્ટેન અને બ્રાઝિલના મહાન ખેલાડી જૈરઝિન્હોની ક્લબમાં સામેલ થઈ ગયો છે.

સોમવારે ઓસ્ટ્રિયા સામેની મેચની નવમી મિનિટે જ મેસી પાસે આ રેકોર્ડ તોડવાની સુવર્ણ તક હતી, પરંતુ તેઓ પેનલ્ટી કિક ચૂક્યો હતો. ઓસ્ટ્રિયા સામેની જીતની સાથે આર્જેન્ટિના તેની પ્રથમ બંને ગ્રુપ મેચ જીતીને નોકઆઉટ રાઉન્ડમાં પહોંચી ગયું છે, જેમાં મેસીએ તેના છઠ્ઠા વર્લ્ડકપમાં અત્યાર સુધી ટીમના તમામ પાંચ ગોલ કર્યા છે.

પ્રથમ હાફમાં જ્યારે થિયાગો અલ્માડાએ ફેકુંડો મેદિનાના પાસને જવા દીધો, ત્યારે બોલ સીધો આર્જેન્ટિનાના કેપ્ટન (મેસી)ના ડાબા પગ પર આશરે ૨૦ યાર્ડના અંતરે આવ્યો. મેસીએ શ્લેગરને થાપ આપીને બોલને ગોલપોસ્ટમાં મોકલી દીધો અને રેકોર્ડ પોતાના નામે કર્યો. તે પછી મેસીએ મેચના સ્ટોપેજ ટાઈમમાં પોતાનો 18મો વર્લ્ડકપ ગોલ કર્યો. ગોલકીપર એલેક્ઝાન્ડર શ્લેગરે પ્રથમ પ્રયાસને રોક્યા બાદ મેસીએ કેટલાક ડિફેન્ડર્સની વચ્ચેથી બોલને નેટમાં ધકેલી દીધો હતો.

મેચ એક રેકોર્ડ અનેક : મેસીએ ઓસ્ટ્રિયા સામેની મેચમાં ઘણી સિદ્ધિ અંકે કરી

ફિફા વર્લ્ડકપ 2026માં ઓસ્ટ્રિયા સામેની મેચ લિયોનેલ મેસીએ યાદગાર બનાવી દીધી હતી. તેણે આ મેચમાં બે ગોલ કર્યા તેની સાથે જ કેટલાક રેકોર્ડ તેના નામે સામેલ થયા હતા. તેમાં સર્વાધિક ગોલથી લઇને સર્વાધિક મેચ રમવા સુધીના કેટલાક રેકોર્ડ અહી આપવામાં આવ્યા છે.

18 ગોલ સાથે મેસી ફિફા વર્લ્ડકપના ઇતિહાસમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી બની ગયો છે. ઓસ્ટ્રિયા સામેના તેના પહેલા ગોલ સાથે તેના કુલ ગોલ 17 થયા અને તે પછી વધુ એક ગોલથી તે કુલ 18 ગોલ સાથે તે 16 ગોલ કરનારા જર્મનીના મિરોસ્લાવ ક્લોઝથી બે ગોલ આગળ થયો હતો.

18 વર્લ્ડકપ મેચ જીત સાથે સર્વાધિક છઠ્ઠો વર્લ્ડકપ રમી રહેલો મેસી ટુર્નામિન્ટના ઇતિહાસમાં સૌથી વધુ જીત મેળવનાર ખેલાડી બન્યો છે. ટીમની જીતના ભાગ રૂપે તેણે જર્મની માટે 17 મેચ રમનારા મિરાસ્લોવ ક્લોઝને જ પાછળ છોડ્યો છે.

6 મેચમાં સતત ગોલના અન્ય એક રેકોર્ડમાં પણ મેસીએ પોતાનું નામ સામેલ કરાવ્યું છે. તેણે 2022ના કતાર વર્લ્ડકપની છેલ્લી ચાર મેચ અને 2026 એડિશનની પ્રથમ બે મેચમાં ગોલ કર્યો છે. ફ્રાન્સના જસ્ટ ફોન્ટેન અને બ્રાઝિલના જૈરઝિન્હો પછી, તે આ સિદ્ધિ મેળવનાર ફક્ત ત્રીજો ખેલાડી છે.

2489 મિનિટ સાથે મેસી ફિફા વર્લ્ડકપમાં મેદાન પર સૌથી વધુ મિનિટો ગાળનાર ખેલાડી બન્યો છે. છ વર્લ્ડકપ દરમિયાન તેણે મેદાન પર ગાળેલી આ કુલ મિનિટમાં આ વર્લ્ડકપમાં હજુ ઉમેરો થતો રહેશે.

28 મેચ સાથે મેસી ફિફા વર્લ્ડ કપમાં સૌથી વધુ મેચ રમનારો ખેલાડી પણ બન્યો છે. 2006થી ફિફા વર્લ્ડકપમાં ડેબ્યુ કર્યા પછી 2026 દરમિયાન તેણે આર્જેન્ટીના વતી કુલ છ વર્લ્ડકપમાં તેણે આ તમામ મેચ રમી છે અને તેમાં હજુ વધારો થશે.

એમબાપ્પેના બે ગોલથી ઇરાકને 3-0થી હરાવી ફ્રાન્સ નોકઆઉટમાં

વર્લ્ડકપમાં સર્વાધિક ગોલ મામલે એમ્બાપ્પે મિરોસ્લાવ ક્લોઝની બરાબરીએ મેસીથી બે ગોલ પાછળ

ફિલાડેલ્ફિયા, તા. 23 : ફિફા વર્લ્ડકપમાં પ્રથમ વરસાદી વિઘ્ન વચ્ચે સોમવારે ઇરાકને 3-0થી હરાવીને નોકઆઉટ સ્ટેજમાં પ્રવેશ કરી લીધો છે. આ મેચમાં કિલીયન એમ્બાપ્પેએ બે ગોલ કરીને વર્લ્ડકપ કરિયરમાં સૌથી વધુ ગોલ કરનારા ખેલાડીઓની યાદીમાં 16 ગોલ સાથે સંયુક્ત રીતે બીજું સ્થાન મેળવ્યું છે. ફ્રાન્સ વતી ઓસ્માન ડેમ્બેલેએ પણ એક ગોલ કર્યો હતો, જેનાથી ફિલાડેલ્ફિયાની વરસાદી રાત્રે સ્ટેડિયમમાં રોકાયેલા પ્રશંસકો ખુશ થઈ ગયા હતા.

એમ્બાપ્પેએ 14મી અને 54મી મિનિટે ગોલ કરીને પોતાની 100મી આંતરરાષ્ટ્રીય મેચને યાદગાર બનાવી હતી. એમ્બાપ્પેના પ્રથમ ગોલથી ફ્રાન્સ હાફ-ટાઇમ સુધી 1-0થી આગળ હતું. તે સમયે ભારે વરસાદ અને વાવાઝોડાને કારણે રમત બે કલાકથી વધુ સમય માટે રોકવી પડી હતી, અને ગ્રાઉન્ડ સ્ટાફને લિંકન ફાઇનાન્સિયલ ફીલ્ડના કાદવવાળા ઘાસ પરથી પાણી હટાવવાની ફરજ પડી હતી. હવામાન ગમે તેવું હોય, પણ આ મેચ એમ્બાપ્પેના નામે રહી. તે વર્લ્ડ કપમાં સૌથી વધુ ગોલ કરવાના મામલે નવા રેકોર્ડ હોલ્ડર લિઓનેલ મેસીનો પીછો કરી રહ્યો છે. પોતાનો ત્રીજો વર્લ્ડ કપ રમી રહેલા 27 વર્ષીય એમ્બાપ્પેએ જર્મનીના મિરોસ્લાવ ક્લોઝના ગોલના રેકોર્ડની બરાબરી કરી લીધી છે અને બ્રાઝિલના મહાન ખેલાડી રોનાલ્ડોથી એક ગોલ આગળ નીકળી ગયો છે.

એમ્બાપ્પે એ બોક્સની ધાર પરથી પોતાના નબળા ગણાતા ડાબા પગથી શાનદાર સ્ટ્રાઇક કરીને ટૂર્નામેન્ટનો પોતાનો ત્રીજો ગોલ કર્યો હતો. બીજા ગોલ માટે એમ્બાપ્પેને ઇરાકના ડિફેન્ડર ઝૈદ તહસીનની ભૂલનો ફાયદો મળ્યો, જેણે ગોલકીપરને નબળો પાસ આપ્યો હતો. ડેમ્બેલેએ બોલ પર નિયંત્રણ મેળવી એમ્બાપ્પે તરફ પાસ કર્યો, જેને એમ્બાપ્પેએ જમણા પગથી ગોલમાં ફેરવી દીધો હતો. એમ્બાપ્પે પાસે હેટ્રિક કરવાની તક હતી, પરંતુ તે ચૂકી ગયો હતો અને 90મી મિનિટે તેની જગ્યાએ બીજા ખેલાડીને મેદાનમાં લાવવામાં આવ્યો હતો.

અલ્જીરિયાએ 2014 પછી વર્લ્ડકપમાં પહેલી જીત મેળવી

પહેલા હાફમાં એક ગોલથી પાછળ રહ્યા પછી બીજા હાફમાં બે ગોલ કરીને અલ્જીરિયાએ નોકઆઉટની આશા જીવંત રાખી

પહેલો ગોલ ગુમાવ્યા પછી અલ્જીરિયા મેચ જીત્યું હોય તેવું વર્લ્ડકપ ઇતિહાસમાં પહેલીવાર બન્યું, જોર્ડન રેસમાંથી બહાર

સાન્ટા ક્લેરા તા. 23 : ફિફા વર્લ્ડકપમાં આજે મંગળવારે સવારે રમાયેલી એક મેચાં પ્રથમ હાફમાં એક ગોલથી પાછળ રહેલા અલ્જીરિયાએ બીજા હાફમાં બે કોર્નર કિક પર ગોલ કરીને શાનદાર વાપસી કરીને જોર્ડનને 2-1થી હરાવીને 2014 પછી વર્લ્ડકપમાં પોતાની પ્રથમ જીત મેળવવાની સાથે વર્લ્ડકપના નોકઆઉટ રાઉન્ડમાં પહોંચવાની પોતાની આશાઓ જીવંત રાખી છે.

જોર્ડને પ્રથમ હાફમાં નિઝાર અલ રશદાનના ગોલની મદદથી વર્લ્ડકપના ઈતિહાસમાં પહેલીવાર સરસાઇ મેળવી હતી, પરંતુ બીજા હાફમાં તેઓ અલ્જીરિયાના સતત દબાણને સહન કરી શક્યા નહોતા. બીજા હાફમાં સબસ્ટીટ્યુટ તરીકે આવેલા નાધિર બેનબુઆલીએ 69મી મિનિટે કોર્નર કિક પર હેડર દ્વારા ગોલ કર્યો હતો, જ્યારે અમીન ગુઈરીએ 82મી મિનિટે મેચ વિનિંગ ગોલ કરીને અલ્જીરિયાને 2014 પછી વર્લ્ડકપમાં તેની પ્રથમ જીત અપાવી હતી. વર્લ્ડકપના ઈતિહાસમાં આ પ્રથમ વખત બન્યું છે જ્યારે અલ્જીરિયા પહેલો ગોલ ગુમાવ્યા બાદ પણ મેચ જીત્યું હોય. આ પહેલા આવી સ્થિતિમાં અલ્જીરિયાએ સાત મેચ ગુમાવી હતી અને બે મેચ ડ્રો રહી હતી. પોતાની પ્રથમ મેચમાં આર્જેન્ટિના સામે 3-0થી હાર્યા બાદ, હવે અલ્જીરિયા શનિવારે ઓસ્ટ્રિયા સામે જીત મેળવીને ગ્રુપ-જેમાં બીજા ક્રમે રહીને નોકઆઉટ રાઉન્ડમાં પોતાની જગ્યા પાકી કરી શકે છે.

હાલેન્ડના બે ગોલથી સેનેગલને 3-2થી હરાવી નોર્વે નોકઆઉટમાં

હાલેન્ડે છેલ્લી 12 ઇન્ટરનેશનલ મેચમાં કુલ 24 ગોલ કરતા તેના નામે 52 મેચમાં 59 ગોલ બોલે છે

પોતાની પહેલી બે વર્લ્ડકપ મેચમાં ચાર ગોલ કરનાર હાલેન્ડ હેરી કેન પછી માત્ર પહેલો ખેલાડી બન્યો

ઈસ્ટ રધરફોર્ડ, તા. 23 : વર્લ્ડકપમાં આજે મંગળવારે વહેલી સવારે રમાયેલી એક મેચમાં એર્લીંગ હાલેન્ડે બે ગોલ કરીને આ વર્લ્ડકપમાં પોતાના કુલ ગોલની સંખ્યા ચાર પર પહોંચાડીને સેનેગલ સામે નોર્વેની ૩-૨થી જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ જીતની સાથે નોર્વે રાઉન્ડ ઓફ 32માં પ્રવેશી ગયું છે.

ઈજાગ્રસ્ત સાથી ખેલાડીના સ્થાને આવેલા માર્કસ પેડરસને 43મી મિનિટે ગોલ કરીને નોર્વેને સરસાઇ અપાવી. ત્યારબાદ હાલેન્ડે પોતાની શાનદાર ગોલ કરવાની સફર ચાલુ રાખતા 48મી અને 58મી મિનિટે ગોલ કરીને ટીમને 3-1ની સરસાઇ અપાવી હતી. પહેલા ગોલમાં તેણે માર્ટિન ઓડેગાર્ડના પાસ પર દોડીને ડાબા પગથી શોટ મારીને ગોલકીપર એડૌર્ડ મેન્ડીના લંબાયેલા ડાબા હાથની બાજુમાંથી બોલ પસાર કરી દીધો. આ આક્રમક કાઉન્ટર-એટેકથી નોર્વે 2-0થી આગળ થયું હતું. બીજા ગોલ માટે, હાલેન્ડે ડિફેન્સને ચીરીને આગળ વધી આઠ યાર્ડના અંતરેથી પેટ્રિક બર્ગના પાસ પર પોતાના નબળા જમણા પગથી વોલી શોટ મારી ગોલ કર્યો. સેનેગલ તરફથી ઈસ્માઈલા સારે 53મી મિનિટે અને બીજા હાફના સ્ટોપેજ ટાઈમની ત્રીજી મિનિટે એકમાત્ર ગોલ કર્યો હતો. હાલેન્ડે પોતાની છેલ્લી 12 ઈન્ટરનેશનલ મેચોમાં 24 ગોલ કર્યા છે અને તેની 52 ઈન્ટરનેશનલ મેચોમાં કુલ 59 ગોલ થઈ ગયા છે. ૨૫ વર્ષીય સ્ટ્રાઈકર પોતાની પ્રથમ બે વર્લ્ડકપ મેચોમાં બે-બે ગોલ કરનાર છેલ્લા 50 વર્ષમાં ઈંગ્લેન્ડના હેરી કેન પછીનો એકમાત્ર ખેલાડી બન્યો છે. તે ગોલ્ડન બૂટની રેસમાં આર્જેન્ટિનાના લિઓનલ મેસીથી એક ગોલ પાછળ અને ફ્રાન્સના કાયલિયાન એમબાપ્પેની સાથે સંયુક્ત રીતે બીજા ક્રમે છે. પ્રથમ હાફના સ્ટોપેજ ટાઈમમાં પણ હાલેન્ડ ગોલ કરવાની નજીક પહોંચ્યો હતો, પણ મેન્ડીના હાથમાંથી બોલ છૂટ્યા બાદ તેનો શોટ ગોલપોસ્ટના થાંભલા સાથે અથડાયો હતો.

ફિફા વર્લ્ડકપમાં ફ્રાન્સ-ઈરાકની મેચ હવામાનને કારણે રોકાયેલી પહેલી મેચ બની

ગાજવીજ સાથે ભારે વરસાદ અને તોફાની પવનને કારણે ફ્રાન્સ-ઇરાકની મેચમાં બે કલાકનો વિલંબ થયો

ફિલાડેલ્ફિયા, તા. 23 (એપી) : ગાજવીજ સાથેના ભારે વરસાદ અને તોફાની પવનને કારણે ગઇકાલે સોમવારે ફ્રાન્સ અને ઇરાક વચ્ચેની વર્લ્ડકપ મેચમાં હાફ-ટાઇમ દરમિયાન બે કલાક કરતાં વધુ સમયનો વિલંબ થયો હતો. આ આખી ટૂર્નામેન્ટમાં વરસાદના કારણે થયેલો પ્રથમ વિલંબ હતો, અને પાછલા કેટલાક દાયકાઓમાં આ પહેલીવાર બન્યું છે જ્યારે વર્લ્ડકપની કોઈ મેચને ખરાબ હવામાનને કારણે અધવચ્ચેથી રોકવી પડી હોય.

આ વિલંબની જાહેરાત સ્થાનિક સમય મુજબ સાંજે છ વાગ્યાના થોડી મિનિટો પહેલા કરવામાં આવી હતી અને રાત્રે આઠ વાગ્યે મેચ ફરી શરૂ થઈ હતી. સોમવારે રાત્રે ન્યૂ જર્સીના ઈસ્ટ રધરફોર્ડમાં નોર્વે અને સેનેગલ વચ્ચે રમાયેલી મેચ પહેલા પણ ભારે વરસાદ પડ્યો હતો, પરંતુ તે મેચ સમયસર શરૂ થઈ ગઈ હતી. હાફ-ટાઈમ સુધીમાં ફ્રાન્સ 1-0થી આગળ હતું ત્યારે જ સ્કોરબોર્ડ પર મેસેજ બતાવીને લિંકન ફાઈનાન્શિયલ ફીલ્ડ સ્ટેડિયમમાં હાજર દર્શકોને સ્ટેડિયમના સુરક્ષિત અને છતવાળા વિસ્તારોમાં આશરો લેવા જણાવાયું હતું, તેમજ ચેતવણી આપવામાં આવી હતી કે ભારે તોફાન આવી રહ્યું છે.

અનુસંધાન... પાના પહેલાનું

ભારત-અમેરિકા...

યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ એમ્બેસેડર જેમિશન ગ્રીર, ભારતમાં અમેરિકાના એમ્બેસેડર સર્જીયો ગોર્ અને તેમના પ્રતિનિધિમંડળનું વાણિજ્ય મંત્રાલય (@DoC_GoI) માં હાર્દિક સ્વાગત છે. દ્વિપક્ષીય વેપાર કરાર પર ફળદાયી ચર્ચાઓની અપેક્ષા છે. દિવસ દરમ્યાન, નાણા મંત્રી નિર્મલા સીતારમણે પણ અમેરિકી પ્રતિનિધિમંડળ સાથે ચર્ચા કરી.

ગ્રીરની આ બે દિવસીય મુલાકાત વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે ૧૭ જૂને ફ્રાન્સમાં જી૭ (G7) સમિટની સાઇડલાઇન પર એક વર્ષ કરતાં વધુ સમય બાદ થયેલી પ્રથમ મુલાકાતના થોડા દિવસો પછી થઇ રહી છે, જેણે બંને પક્ષો આર્થિક સંબંધોને મજબૂત કરવા માટે અત્યંત મહત્વપૂર્ણ માનતા હોય તેવી વેપાર વાટાઘાટોને નવી ગતિ આપી છે. આ વાર્તાલાપ ફેબ્રુઆરીમાં જાહેર કરાયેલા માળખાકીય કરારમાં સુધારો કરવા પર કેન્દ્રિત છે, જે ટેરિફ પ્રતિબદ્ધતાઓ આસપાસ તૈયાર કરવામાં આવ્યો હતો, પરંતુ બાદમાં ટ્રમ્પ દ્વારા જાહેર કરાયેલા વ્યાપક ટેરિફને રદ કરતા યુએસ સુપ્રીમ કોર્ટના ચુકાદાને કારણે તે અનિશ્ચિત બની ગયો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, વાણિજ્ય મંત્રાલયના મુખ્યાલય વાણિજ્ય ભવન ખાતે યોજાયેલી આ બેઠકમાં વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલ અને ભારતના મુખ્ય વાર્તાકાર દર્પણ જૈન પણ હાજર રહ્યા છે.

ચોમાસામાં 43%ની...

પડકારનો સામનો કરવા માટે સંપૂર્ણપણે સજ્જ છે, એમ કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે પત્રકારોને જણાવ્યું હતું અને ખેડૂતોને કહ્યું હતું કે ગભરાવાની જરૂર નથી. કેન્દ્રીય મંત્રીએ ખાતરી આપી છે કે ચાલુ સીઝન માટે દેશમાં બિયારણ અને ખાતરની ઉપલબ્ધતા સંપૂર્ણપણે પર્યાપ્ત છે. કૃષિ મંત્રાલયે ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાન સહિત 12 રાજ્યોના 315 જિલ્લાઓમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ થવાની સંભાવના દર્શાવી છે. આમાંથી 111 જિલ્લાઓ (જેમાં મહારાષ્ટ્રના 20 જિલ્લા સામેલ છે) એવા છે જ્યાં સિંચાઈની સુવિધા 25 ટકાથી પણ ઓછી હોવાથી તેને 'અતિ સંવેદનશીલ' શ્રેણીમાં રાખવામાં આવ્યા છે. અન્ય 76 જિલ્લાઓ મધ્યમ અને 128 જિલ્લાઓ ઓછા સંવેદનશીલ છે. મંત્રીએ કહ્યું કે, 'વરસાદ ખેંચાઈ ગયો હોવાથી અમે ખેતરો ખાલી રહેવા નહીં દઈએ અને ખેડૂતોને ઓછા પાણીની જરૂર પડે તેવા કઠોળ, તેલીબિયાં તેમજ બરછટ અનાજ જેવા વૈકલ્પિક પાકો તરફ વળવા સૂચન કરીશું.'

રાજ્યોને પાણીનો...

નીનો મોનિટરિંગ સેલ'ની સ્થાપના કરી છે અને દેશના 731 કૃષિ વિજ્ઞાન કેન્દ્રોને એસએમએસ અને વોટ્સએપ દ્વારા ખેડૂતોને સમયસર એડવાઈઝરી મોકલવા આદેશ આપ્યો છે.

અમેરિકા-ઇરાન...

ઈસ્માઈલ બઘાઈએ પત્રકારોને જણાવ્યું હતું કે યુએનના નિરીક્ષકો ગયા વર્ષે અમેરિકા દ્વારા બોમ્બમારો કરાયેલી પરમાણુ સાઈટ્સની તપાસ કરવાના નથી. આ રીતે તેમણે અમેરિકાના ઉપપ્રમુખ જેડી વેન્સ દ્વારા એક દિવસ પહેલા કરાયેલા નિવેદનનું ખંડન કર્યું હતું. તેના જવાબમાં, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું કે ઈરાન લાંબા ભવિષ્ય સુધી પરમાણુ નિરીક્ષણો માટે સંમત થયું છે, અને ઉમેર્યું કે આ છૂટછાટ વિના આગળ કોઈ વાટાઘાટો થશે નહીં! ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સી (IAEA) એ તેની સંભવિત ભૂમિકા અંગેની ટિપ્પણી માટેની વિનંતીઓનો કોઈ જવાબ આપ્યો નથી.

હોર્મુઝ ખુલ્યા બાદ એક જ દિવસમાં 1.9 કરોડ બેરલ તેલ પસાર થયું

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે હોર્મુઝ જલમાર્ગ ખુલ્યા બાદ એક જ દિવસમાં 1.9 કરોડ બેરલ તેલ હોર્મુઝમાંથી પસાર થઇ ચૂક્યું છે. તેમના આ નિવેદને વૈશ્વિક તેલ બજારમાં નવી હલચલ મચાવી દીધી છે. ટ્રમ્પે જણાવ્યું છે કે ક્રૂડ ઓઇલની કિંમતો ઝડપથી ઘટી રહી છે અને તેલનો પુરવઠો સરળ બની રહ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પે પોતાની પોસ્ટમાં લખ્યું છે કે ગઇકાલે હોર્મુઝ સામુદ્રધૂનિમાંથી રેકોર્ડ 19 મિલિયન બેરલ તેલનો પ્રવાહ વહ્યો હતો. ટ્રમ્પનું કહેવું છે કે આ અત્યાર સુધીનો સૌથી મોટો ઓલ-ટાઇમ રેકોર્ડ છે. આ ભારે પુરવઠાના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલની કિંમતો ઝડપથી નીચે આવી રહી છે

પુણેના યુવાન...

હતો, તેમ પોલીસે જણાવ્યું હતું. કેતન ૧૮ જૂનના રોજ તેની મંગેતર સિયા ગોયલનો જન્મદિવસ ઉજવવા માટે તેની સાથે લોહગઢ ટ્રેકિંગ પર ગયો હતો. આ કપલ નવેમ્બરમાં લગ્ન કરવાનું હતું, તેમ પોલીસે જણાવ્યું હતું. સિયાએ શરૂઆતમાં પોલીસને જણાવ્યું હતું કે કેતન ફોટા માટે પોઝ આપતી વખતે લપસી ગયો અને ખીણમાં પડી ગયો. રેસ્ક્યૂ ટીમે ત્રણ કલાકના ઓપરેશન બાદ તેનો મૃતદેહ બહાર કાઢ્યો હતો. શરૂઆતમાં આ આકસ્મિક રીતે પડી જવાનો મામલો હોવાનું માનવામાં આવતું હતું, પરંતુ તપાસમાં હત્યાના કાવતરા તરફ ઈશારો થયો હતો, તેમ પોલીસે જણાવ્યું હતું. સિયાએ લોનાવાલા ગ્રામ્ય પોલીસને જણાવ્યું હતું કે આ કપલ હિલ ફોર્ટ પર ફરવા ગયું હતું ત્યારે કેતન લપસીને પડી ગયો હતો, ત્યારબાદ અકસ્માતે મોતનો ગુનો નોંધવામાં આવ્યો હતો. પુણે ગ્રામ્યના પોલીસ અધિક્ષક (SP) સંદીપ સિંહ ગિલે મંગળવારે જણાવ્યું હતું કે મૃત્યુની આસપાસના સંજોગો શંકાસ્પદ જણાતા પોલીસે આ મામલે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી.

પોલીસે મંગળવારે જણાવ્યું હતું કે સિયા અને તેના પ્રેમી ચેતન બાબુલાલ ચૌધરીએ કેતનને મોતને ઘાટ ઉતારવા માટે ધક્કો માર્યો હતો અને તેને અકસ્માત તરીકે દર્શાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, અમારી ટીમોએ નાણાકીય વિવાદો અને અંગત સંબંધો સહિત અનેક ખૂણાઓથી તપાસ કરી હતી. તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે ગોયલ પુણેના કોંઢવાના રહેવાસી અન્ય એક યુવક ચેતન બાબુલાલ ચૌધરી (૨૨) સાથે સંબંધમાં હતી. પોલીસે જણાવ્યું હતું કે, તપાસમાં સામે આવ્યું છે કે સિયા અગ્રવાલ સાથે લગ્ન કરવા ઈચ્છતી ન હતી અને તેને ચૌધરી સાથેના પોતાના સંબંધોમાં અવરોધ માનતી હતી. પોલીસે જણાવ્યું હતું કે, બંનેએ કથિત રીતે અગ્રવાલને રસ્તામાંથી હટાવવાનું કાવતરું ઘડ્યું હતું અને યોજનાના ભાગરૂપે, સિયા તેને ફરવાના બહાને લોહગઢ કિલ્લા પર લઈ ગઈ હતી, જ્યારે ચૌધરીને પાછળથી ત્યાં બોલાવવામાં આવ્યો હતો. ત્યારબાદ બંનેએ કથિત રીતે કેતનને કિલ્લા પરથી નીચે ધકેલી દીધો હતો, જેના કારણે તેનું મોત નીપજ્યું હતું, તેમ પોલીસે જણાવ્યું હતું.

કેતન-સિયાના લગ્ન માટે ૧૭ કરોડમાં મહેલ બુક કરાયો હતો!

કેતન અને સિયા - બંનેના પરિવારો ઘણા ધનવાન છે આ બંને પરિવારોએ બંનેના નવેમ્બરમાં થનારા લગ્ન માટે કથિત રીતે રાજસ્થાનમાં એક પેલેસ રૂ. ૧૭ કરોડમાં બુક કર્યો હતો અને મહેમાનોને લાવવા-લઇ જવા માટે બે ખાનગી પ્લેનની વ્યવસ્થા કરી હતી.

ટ્રમ્પ કહે છે: ઇરાન...

જરૂરી છે. ટ્રમ્પ આ ફ્રીઝ કરાયેલા ભંડોળ મુક્ત કરવાના બદલામાં અમેરિકી કૃષિ પેદાશો ખરીદવાની શરત મૂકી શકે છે. પરંતુ, ઈરાન દ્વારા અમેરિકાના કૃષિ ઉત્પાદનોની મોટા પાયે ખરીદી શરૂ કરવાની શક્યતા ઓછી છે. ઇન્ટરનેશનલ ફૂડ પોલિસી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના રિસર્ચ ફેલો એમિરિટસ જોસેફ ગ્લૌબરે જણાવ્યું હતું કે, મને નથી લાગતું કે ટૂંકા ગાળામાં આ વેપાર બહુ મોટો હશે. ગ્લૌબરે નોંધ્યું હતું કે, ઈરાન અનાજ માટે તેના અન્ય વેપારી ભાગીદારોને છોડીને અમેરિકા તરફ વળે તેવી શક્યતા નથી. તેમણે જણાવ્યું કે, ઈરાનના મુખ્ય સપ્લાયર્સમાં બ્રાઝિલ, ભારત, તુર્કી, યુરોપિયન યુનિયન, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને આર્જેન્ટિનાનો સમાવેશ થાય છે અને અમેરિકા પાસેથી જ ખરીદી કરવાની ટ્રમ્પની શરત આપણા કેટલાક સ્પર્ધકો સાથે સંબંધોમાં કડવાશ પેદા કરશે.

હોર્મુઝની સામુદ્રધુનીમાંથી...

૧૧,૦૦૦ નાવિકોને બહાર કાઢવાની યોજના ચાલી રહી છે. ઇન્ટરનેશનલ મેરિટાઇમ ઓર્ગેનાઇઝેશનના સેક્રેટરી-જનરલ આર્સેનિયો ડોમિંગ્યુઝના જણાવ્યા અનુસાર, હજારો નાવિકોને બહાર કાઢવાની આ યોજના ઈરાન, ઓમાન, આ ક્ષેત્રના અન્ય તમામ દરિયાકાંઠાના દેશો, અમેરિકા અને સમુદ્રી ઉદ્યોગજગતના સહયોગથી કરવામાં આવી રહી છે. તેમણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અમે આ કામગીરીને ટેકો આપવા માટે જરૂરી સુરક્ષા ગેરંટી મેળવી લીધી છે અને સુરક્ષિત નૌકાવિહાર માટેની પરિસ્થિતિઓની સંપૂર્ણ ચકાસણી કરી લીધી છે.

NEET સેન્ટર...

પર શારીરિક ચકાસણી દરમિયાન તેને પૂછવામાં આવ્યું હતું કે શું તેને માસિક ધર્મ ચાલી રહ્યો છે. તેણે હામાં જવાબ આપ્યા પછી, તેણીનું કહેવું છે કે એક મહિલા સ્ટાફ મેમ્બરે તેને તેનું પેન્ટ નીચે કરવા કહ્યું જેથી તેના સેનિટરી પેડની તપાસ કરી શકાય. મને આઘાત લાગ્યો, શરમ અનુભવાઈ અને ના પાડવા માટે હું અસહાય હતી કારણ કે, કોઈપણ ઉમેદવારની જેમ મને પણ ડર હતો કે નિયમોનું પાલન ન કરવાથી પરીક્ષાખંડમાં મારા પ્રવેશ પર અસર પડી શકે છે એમ તેણીએ લખ્યું.

હોર્મુઝનો માર્ગ...

હટાવવાની જોગવાઈ કરાઈ છે. ઈરાન દ્વારા આ માર્ગ બંધ કરાતા વૈશ્વિક સ્તરે તેલ અને ગેસના ભાવ આસમાને પહોંચ્યા હતા, કારણ કે વિશ્વનો ૫મો ભાગનો ક્રૂડ ઓઈલ અને એલએનજી (LNG) સપ્લાય અહીંથી જ પસાર થાય છે.

દિલ્હી ડાયરી...

વિજય મેળવ્યો હતો. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં જ્યારે ઉત્તર પ્રદેશમાં ભાજપની બેઠકો દૃરથી ઝડપથી ઘટીને માત્ર ૩૨ થઈ ગઈ ત્યારે પાર્ટીએ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી પહેલા ફરી એકવાર 'બંસલ મોડલ'ને યાદ કર્યું છે.

કોંગ્રેસની ૨૦૨૯ની લોકસભા ચૂંટણીની તૈયારી

કેટલાંય મહત્ત્વનાં રાજ્યોમાં પોતાના પ્રદર્શનમાં સુધારો કરવા અને ૨૦૨૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપ સામે નિર્ણાયક મુકાબલાની તૈયારી કરવાના હેતુથી કોંગ્રેસ નેતૃત્વ દેશભરમાં મોટા પાયે સંગઠનાત્મક ફેરબદલનું આયોજન કરી રહ્યું છે. લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીના નિર્દેશ પર કર્ણાટકમાં આ પ્રક્રિયા શરૂ પણ થઈ ગઈ છે. ડી. કે. શિવકુમારને મુખ્યમંત્રી પદ પર બઢતી મળ્યા બાદ તેમને રાજ્ય પક્ષ પ્રમુખ તરીકેની તેમની બેવડી જવાબદારીમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. વરિષ્ઠ કોંગ્રેસ નેતા બી. કે. હરિપ્રસાદને હવે કર્ણાટક એકમનું નેતૃત્વ સોંપવામાં આવ્યું છે.

આજનું પંચાંગ

તા. 24/06/2026, બુધવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** નિજ જેઠ
તિથિ: સુદ : દસમ: 18:13
અયન : દક્ષિણાયન, **ઋતુ :** વર્ષા
રાષ્ટ્રિય દિનાંક : અષાઢ: 03
યોગ : પરિઘ **કરણ:** વણિજ
નક્ષત્ર : ચિત્રા:- 13:59
રાશિ : તુલા (ર.ત.)
દિવસ : શુભ
સુરતમાં સૂર્યોદય : 06:00 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:22
નવકારસી : 06:48
પારસી વર્ષ : 1395 બહમન માસનો 14મો રોજ
મુસલમાન વર્ષ : 1448 મોહરમ માસનો 08મો રોજ
દિવસનાં ચોઘડિયાં: લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
રાત્રિનાં ચોઘડિયાં: ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
રાહુકાળ : બપોરે 12:00 થી તા. 13:30 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ): ઘરકામમાં સાવધાની રાખવી. જીવન સાથીના આરોગ્યની ચિંતા સતાવે. કોર્ટ-કચેરીમાં મદદ મળે. રોજની આવક વધશે.

વૃષભ(બ,વ,ઉ): શત્રુ, નોકર, ચાકર, ચોર-લૂંટારૂથી નુકસાન થઈ શકે છે. આરોગ્યના ખર્ચા વધશે. સરકારી નોકરીમાં સાવધાન રહેવું.

મિથુન (ક,છ,ઘ): નોકરીમાં નવી તક મળે. ધંધામાં આવક વધશે. શેરબજારમાં નવાં રોકાણ થાય. સંતાનોની ચિંતા સતાવે.

કર્ક (ડ,હ): સંપત્તિના સોદા થઈ શકે છે. ઘરના કામનો બોજ રહે. વાદ-વિવાદથી દૂર રહેવું. નોકરીમાં પ્રમોશન કે પગારવધારો થાય.

સિંહ (મ,ટ): વિદ્યાર્થીઓને સફળતા મળે. હરીફાઈમાં ઈનામ મળે. કોઈ આનંદોત્સવમાં ભાગ લેવાનું થાય. પ્રવાસમાં વિઘ્નો.

કન્યા (પ,ઠ,ણ): ઘરમાં અશાંતિ રહેવાથી કામમાં મન ઓછું લાગે. ઘરમાં અવર-જવરથી અશાંતિ વધશે.

તુલા (ર,ત): મનોરંજન પ્રવાસ થાય. પડવા-વાગવાથી સાવધાન. રોજના કામથી રાહત મળે. અશુભ સમાચાર મળે.

વૃશ્ચિક (ન,ય): વ્યાવસાયિક પ્રવાસ સફળ રહે. આળસના કારણે આરામ કરવાનું મન થાય. અચાનક શુભ સમાચાર મળે.

ધન (ભ,ધ,ફ,ઢ): મિત્રોનો સાથ મળે. પ્રેમમાં ધીરજ-રાખવી. સંતાનોની ચિંતા સતાવે. નવા આર્થિક રોકાણ થાય.

મકર (ખ,જ,): નોકરીમાં પ્રભાવ વધે. આવક વધે-સમાજમાં ધીરજ રાખવી. મોજ શોખના ધંધામાં લાભ થાય.

કુંભ (ગ,સ,શ,ષ): પડવા-વાગવા અને ચોર-લૂંટારૂથી સાવધાન રહેવું. સરકારી કામમાં મદદથી પ્રગતિ થાય.

મીન (દ,ચ,ઝ,થ): હિત શત્રુઓ અને ગુપ્ત અપ્રમાણિક કામથી સાવધાન રહેવું. અચાનક મુશ્કેલી આવી શકે છે.

કોઈ પણ સાલમાં 24 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં નવા ફેરફાર થાય. સરકારી નોકરીમાં જવાબદારી વધે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. સમાજમાં સામાન્ય રહે. નોકરી-ધંધા વગેરેમાં હરીફો સતાવશે. ઉઘરાણીની ચિંતા રહે. આરોગ્ય નરમ રહે. ઉંમરલાયકના વિવાહ થાય. આવક વધાવાની યોજનામાં ચડતી-પડતી રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મિશ્ર અનુભવ થાય. સંતાનોના કેરીયર-અભ્યાસમાં સામાન્ય રહે. પ્રેમ વિવાહમાં વિઘ્ન આવે. વિદ્યાર્થીઓને સખત મહેનત કરવી પડશે. વિદેશનાં કામ ધીમાં પડશે. નોકરી-ધંધામાં ટેકનોલોજીનો લાભ મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડશે. વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં મિત્રો-વડીલોની મદદ મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. એપ્રિલ-મે-સપ્ટેમ્બર-ઓક્ટોબર, શુક્ર, શનિવાર, 06, 15, 24 તારીખે નવા કામ કરવાં. સફેદ અને કોઈ પણ ચમકતા રંગનો ઉપયોગ કરવો. જુલાઈ-ઓગસ્ટ, બુધવાર, 01,10,19,28 તારીખે, નવા કામ ટાળવો, ભૂરા અને ગ્રે કલરનો ઉપયોગ ટાળવો શુક્રવારના ઉપાય કરતા રહેવું.

સુડોકુ

૧		૬		૫	૭	૪	૯	૮
૩	૪	૮		૨		૫		
	૯			૮	૬	૩	૧	
૮			૬	૩		૭	૪	
							૩	
૭	૫		૮	૪	૯	૬	૨	૧
		૫		૬				૩
	૮		૫		૩	૧		
૬	૩					૯	૫	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

હરસ મસા

અતિ દુખાવો કરે છે. સાત વખત ધોયેલાં ઘી માં કપૂર ભેળવી તેનો લેપ કરવાથી રાહત થશે.